*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 40

## ભારત-પોર્ટુગલ સંબંધ



- ચર્ચામાં શા માટે ?
- ભારત-પોર્ટુગલ સંબંધ વિશે :-
- ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :-


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


TOPIC-40નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :


www.iceonline.in
t.me/icerajkotofficial
9375701110/9328001110




- 14 ફેબ્રુઆરી 2020ના રોજ પોર્ટુગલના રાષ્ટ્રપતિશ્રી રિબેલો દ સોઝા (Marcelo Rebelo De Sousa) ભારતની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન ભારત અને પોર્ટુગલ વચ્ચે 14 કરાર થયા હતા.

## ભારત-પોર્ટુગલ સંબંધ વિશે :-

- પોર્ટુગીઝ રાષ્ટ્રપતિશ્રીનું સ્વાગત કરતા રાષ્ટ્રપતિશ્રી રામ નાથ કોવિંદે જણાવ્યું કે ભારત અને પોર્ટુગલ વચ્ચે એક વિશેષ સંબંધ છે.
- ભારત અને પોર્ટુગલનો 500 વર્ષનો જૂનો ઈતિહાસ છે. તથા બન્ને દેશો ગોવા અને મુંબઈ સાથે સંસ્કૃતિ, ભાષા અને રાજવંશ દ્વારા નજીકથી જોડાયેલા છે.
- મહાત્મા ગાંધીજીની 150મી જન્મજયંતીના ઉજવણી પ્રસંગે પોર્ટુગલના સમર્થન બદલ રાષ્ટ્રપતિશ્રી રામ નાથ કોવિંદે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.
- રાષ્ટ્રપતિશ્રી રામ નાથ કોવિંદે જણાવ્યુ કે ભારત-પોર્ટુગલ દ્વિપક્ષીય કાર્યસૂચિમાં અનેકગણો વધારો થયો છે.
- બંને દેશો વિજ્ઞાન અને તક્નીક, સંરક્ષણ, શિક્ષણ, નવીનતા, સ્ટાર્ટ-અપ્સ, પાણી અને પર્યાવરણ સહિતના વિષયો પર સહયોગ કરી રહ્યા છે.
- આતંકવાદ એ સમગ્ર વિશ્વ માટે ગંભીર ખતરો છે. બંને દેશોએ આ વૈશ્વિક ખતરાનો સામનો કરવા અને તેમનો નાશ કરવા માટે પરસ્પર સહયોગ વધારવા જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે "આબોહવા પરિવર્તન" એ આજે એક દબાણયુક્ત વૈશ્વિક પડકાર છે. ભારત અપેક્ષા રાખે છે કે નજીકના સમયમાં પોર્ટુગલ આંતરરાષ્ટ્રીય સોલાર એલાયન્સમાં જોડાશે.
- ભારત અને પોર્ટુગલ વચ્ચે 14 કરાર થયા હતા. જેમાં દરિયાઈ પરિવહન, દરિયાઈ વારસો, બંદર વિકાસ, સ્થળાંતર ને ગતિશીલતા, સ્ટાર્ટ-અપ્સ, બૌદ્ધિક સંપત્તિ અધિકાર, એરોસ્પેસ, નેનો બાયો ટેક્નોલોજી, ઉત્પાદન, યોગ, રાજદ્વારી તાલીમ, વૈજ્ઞાનિક સંશોધન, જાહેરનીતિ અને ઓડિયો વિઝ્યુઅલ ક્ષેત્રનો સમાવેશ થાય છે.

## ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :-

- ઈ.સ. 1498માં પોર્ટુગીઝ નાવીક વાસ્કો-દ-ગામા ભારતના કાલિકટ બંદરે પહોંચ્યો તથા યુરોપ અને દક્ષિણ એશિયા વચ્ચે સીધો જળમાર્ગ સ્થાપિત કર્યો હતો.
- ભારતમાં આવનાર પ્રથમ વિદેશી વસાહત પોર્ટુગીઝ હતા જેમણે ઈ.સ. 1498માં "પોર્ટુગીઝ ઈસ્ટ ઈન્ડિયા કંપની"ની સ્થાપના કરી હતી.
- પોર્ટુગીઝે કોલ્લમ (કેરળ), દીવ, દમણ, દાદરા અને નગર હવેલી સહિત ભારતના પશ્ચિમ કાંઠે આવેલા અન્ય ઘણા સ્થળોએ પોતાના વેપાર કેન્દ્રો સ્થાપિત કર્યા હતા.
- ઈ.સ. 1510માં ગોવા પોર્ટુગીઝ સામ્રાજયની રાજધાની બની હતી.
- ભારત અને પોર્ટુગલ વચ્ચે 1949થી રાજકીય સંબંધો શરૂ થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT